તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 10-08-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી

સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને તિમોર લેસ્તેનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કરાયો
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વાયનાડમાં ભુસ્ખલનગ્રસ્ત વિતારોનું હવાઈ નિરીક્ષણ કર્યું.
- ✓ આજે વિશ્વ સિંહ દિવસ પ્રસંગે પ્રધાનમંત્રીએ વન્યજીવન પ્રેમીઓને ગીર રાષ્ટ્રીય અભયારણ્યની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું
- ✓ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની સંરક્ષણ નિકાસમાં 78 ટકાનો વધારો
- ✓ બ્રાઝિલમાં એક વિમાન તૂટી પડતાં ચાલક દળનાં ચાર સભ્ય સહિત 61 પ્રવાસીનાં મૃત્યુ
- ✓ પેરિસ ઓલિમ્પકમાં આજે મહિલા કુશ્તીબાજ રિતીકા હુડા 76 કિલોગ્રામ વજન વર્ગમાં હંગેરીનાં ખેલાડી સામે રમશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DAY PREZ-TIMOR (WITH V/C)*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તિમોર લેસ્ટેનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ગ્રાન્ડ કોલર ઑફ ઓર્ડર આપવામાં આવ્યો છે. તિમોર લેસ્ટેના રાષ્ટ્રપતિ જોસ રામોસ હોર્ટાએ પાટનગર ડિલીમાં રાષ્ટ્રપતિ ભવનમાં શ્રીમતી મુર્મુને આ સન્માન આપ્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મુએ રાષ્ટ્રપતિ હોર્ટા અને પ્રધાનમંત્રી ગુસ્માઓ સાથે દ્વિપક્ષીય સહયોગ અંગે બેઠક કરી હતી.

બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતાં શ્રીમતી મુરમુએ કહ્યું કે ભારત અને તિમોર લેસ્તે વચ્ચે ગાઢ મિત્રતા અને લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા છે. જ્યારે રાષ્ટ્રપ્રમુખ હોર્ટાએ ભારતની લોકશાહી નીતિને બિરદાવતા IT ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેડિકલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રો અને ક્ષમતા નિર્માણમાં મદદ માટે અપીલ કરી હતી. રાષ્ટ્રપતિ મુર્મુએ પ્રધાનમંત્રી ગુસ્માઓ સાથે પ્રસાર ભારતી અને રેડિયો ટેલિવિઝન તિમોર લેસ્ટે વચ્ચે સહકાર, સત્તાવાર અને રાજદ્વારી પાસપોર્ટ ધારકો માટે વિઝા માફી અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમમાં સહકાર પર કરારની આપ લે કરીને દ્વિપક્ષીય ચર્ચા કરી હતી. અગાઉ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 21 તોપોની સલામી મેળવીને ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે તિમોર પ્લાઝા હોટેલ ખાતે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. શ્રી વી.વી. ગિરીની જન્મજયંતિ પર તેમના ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *REVDAY PM-KERALA VISIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે કેરળના વાયનાડના ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. પ્રધનમંત્રીની સાથે રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન, મુખ્યમંત્રી પિનરાઈ વિજયન અને પર્યટન, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપી પણ હતા.

પ્રધાનમંત્રી અને અન્ય મહાનુભાવોને લઈજતું હેલિકોપ્ટર કાલપેટ્ટા ખાતેના SKMJ હાયર સેકન્ડરી સ્કૂલ ગ્રાઉન્ડ ખાતેના હેલિપેડ પર ઉતર્યું હતું. શ્રી મોદી ટૂંક સમયમાં જ રોડ માર્ગે ચૂરમાલાજવાની શક્યતા છે, જ્યાં તેઓ આર્મી દ્વારા બનાવવામાં આવેલા બેઈલી બ્રિજની મુલાકાત લેશે.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *REVISE. HAPPY LION DAY TO MODI*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ સિંહ દિવસ પ્રસંગે વન્ય જીવ સંરક્ષણ સાથે સંકળાયેલા તમામ લોકોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મિડિયા પર એક પોસ્ટમાં શ્રી મોદીએ ફેબ્રુઆરી મહિનામાં આંતરરાષ્ટ્રીય બીગ કેટ એલાયન્સની સ્થાપના માટે કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરીનો પણ ઉલ્લેખ કર્યો છે.

પ્રધાનમંત્રીએ તમામ વન્યજીવન પ્રેમીઓને ગીર રાષ્ટ્રીય અભયારણ્યની મુલાકાત લેવા અને ગુજરાતનાં લોકોનાં આતિથ્યનો અનુભવ કરવા આમંત્રણ આપ્યું હતું.

શ્રી મોદીએ પોસ્ટમાં લખ્યું કે, આપણે બધાં જાણીએ છીએ તેમ ગુજરાતમાં સિંહોની મોટી વસ્તી છે. તાજેતરનાં વર્ષોમાં તેની સંખ્યામાં મોટો વધારો થયો છે, જે બહુ સારા સમાચાર છે.

દરમિયાન, વન્યજીવ પ્રેમી અને સંરક્ષક અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ ‘ગીર ગજવતી આવી સિંહણ’ શિર્ષક ધરાવતો વિડીયો રજૂ કર્યો છે, જે તેમણે પ્રધાનમંત્રીને સમર્પિત કર્યો છે.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DEFENCE EXPORT*

ભારતની સંરક્ષણ નિકાસ  ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 78 ટકા વધી છે. જે ગત  નાણાકીય વર્ષના સમાન સમયગાળાની તુલનામાં  વધુ છે. સંરક્ષણ પ્રવક્તા એ. ભારત ભૂષણ બાબુએ સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા અને નવીનતામાં નવો માપદંડ સ્થાપિત કરવા માટે સરકારની મક્કમ પ્રતિબદ્ધતા વ્યક્ત  કરે છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશની સંરક્ષણ નિકાસ 2024-25ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વધીને રૂ. 6,915 કરોડ થઈ છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં 3,865 કરોડ હતી.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# FOREIGN SECRETARY VISIT

વિદેશ સચિવ વિક્રમ મિસરી આવતીકાલથી નેપાળની બે દિવસની સત્તાવાર મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે વિદેશ સચિવની મુલાકાત બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનની પરંપરાને આગળ ધપાવશે.. આ મુલાકાત દર્શાવે છે કે ભારત તેની નેબરહુડ ફર્સ્ટ નીતિ હેઠળ નેપાળ સાથેના સંબંધોને પ્રાથમિકતા આપે છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે ભારત અને નેપાળ વર્ષો જૂની સભ્યતા, સંસ્કૃતિ અને લોકોથી લોકો વચ્ચેનું જોડાણ ધરાવે છે. તાજેતરના વર્ષોમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહયોગ વધુ મજબૂત બન્યો છે બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાન થયું છે. ભારત સરકારની મદદથી નેપાળમાં મોટાં માળખાકીય પ્રોજેક્ટ્સ કાર્યરત થયા છે અને નવા પ્રોજેક્ટ્સ શરૂ થયા છે.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *REV OVERALL CABINET-2*

આર્થિક બાબતોની કેન્દ્રીય સમિતિએ કુલ 24 હજાર 657 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથે રેલવે મંત્રાલયના આઠ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. ગઈ કાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ મંજૂરી આપવામાં આવી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ સાત રાજ્યો ઓડિશા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઝારખંડ, બિહાર, તેલંગાણા અને પશ્ચિમ બંગાળના 14 જિલ્લાઓને આવરી લે છે. અને તેનાંથી મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને આદિવાસી વિસ્તારોનો વિકાસ થશે. તેમણે જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ્સમાં ઓડિશામાં ગુનુપુર-થેરુબલી ન્યૂ રેલવે લાઇન રૂટ અને જૂનાગઢ-નબરંગપુર લાઇન, ઓડિશામાં મલકાનગિરી-પાંડુરંગપુરમ લાઇન, આંધ્રપ્રદેશ અને તેલંગાણા અને ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં બુરમારા-ચકુલિયા રેલ માર્ગનો સમાવેશ થાય છે. વધુમાં તેમણે કૃષિ ઉત્પાદનો, ખાતર, કોલસો, આયર્ન ઓર, સ્ટીલ અને સિમેન્ટ જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે આ માર્ગો આવશ્યક હોવાનંર જણાવ્યું હતું.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# J&K-TERRORISTS

જમ્મુ કાશ્મીરમાં કઠુઆ પોલીસે આજે ચાર આતંકવાદીઓના સ્કેચ જાહેર કર્યા છે જેઓ જિલ્લાના કેટલાક ભાગોમાં જોવા મળ્યા હોવાનું કહેવાય છે. આકાશવાણી જમ્મુના  સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે  દરેક આતંકવાદી પર પાંચ લાખ રૂપિયાનું રોકડ ઈનામ પણ જાહેર કરાયું છે. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓની વિશ્વસનીય માહિતી ધરાવનારને પણ યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે અને બાતમીદારોની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે 8મી જુલાઈએ  કઠુઆના બદનોટા વિસ્તારમાં થયેલા આતંકવાદી હુમલામાં સેનાના ચાર જવાનો શહીદ થયા હતા અને અન્ય છ ઘાયલ થયા હતા. આ ઉપરાંત,જમ્મુ ક્ષેત્રના ભાગોમાં પણ છેલ્લા ત્રણ મહિનામાં આતંકવાદી હુમલાઓમાં વધારો થયો છે, જેમાં ઘણા સુરક્ષા કર્મચારીઓના મોત અને ઘાયલ થયા છે. જમ્મુના ભાગોમાં આતંકવાદી ઘટનાઓમાં વધારો નોંધાયો હોવાથી, જમ્મુ કાશ્મીર પોલીસ, લશ્કર , CRPF અને અન્ય એજન્સીઓને એલર્ટ પર રાખવામાં આવીછે અને તપાસ અભિયાન વધુ તીવ્ર કરવામાંઆવ્યું છે.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *FM RBI BETHAK*

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને નવીદિલ્હીમાં ભારતીય રિઝર્વ બેન્કના સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટર્સની બજેટ પછીની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક કેન્દ્રીય અંદાજપત્ર 2024-25 પછી અને લોકસભાએ નાણા ખરડો પસાર કર્યાના દિવસો પછી યોજાઈ હતી.

બેઠકમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી અને ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસ પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય નાણામંત્રીએ કહ્યું, બેન્કિંગ મામલે સરકાર જે નિયમમાં સુધારા લાવી રહી છે. તેની લાંબા સમયથી રાહ જોવાતી હતી. આ સુધારાઓમાં સહકારી બેન્કિંગ ક્ષેત્ર સાથે સંબંધિત મહત્વપૂર્ણ પુન: ગોઠવણીનો સમાવેશ થાય છે.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PARIS FOOTBALL SPAIN

પેરિસ ઓલિમ્પિકમાં આજ ભારતીય કુસ્તીબાજ રીતિકા હુડ્ડા મહિલા ફ્રીસ્ટાઇલ 76 કિગ્રા હરિફાઇમાં તેના અભિયાનની શરૂઆત કરશે. ભારતીય સમયાનુસાર બપોરે 2:30 વાગ્યે પ્રારંભિક રાઉન્ડમાં તેનો સામનો હંગેરીની બર્નાડેટ સામે થશે. ગોલ્ફમાં, અદિતિ અશોક અને દીક્ષા ડાગર આજે મહિલા ઈવેન્ટના અંતિમ રાઉન્ડમાં મેદાનમાં ઉતરશે...જોકે આ બંને ખેલાડીઓ ગઇકાલે નોંધપાત્ર પ્રદર્શન કરી શક્યા ન હતા.

દરમિયાન ગઈકાલે ભારતીય  કુસ્તીબાજ અમન સેહરાવતે 57 કિગ્રા ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.  તેમણે પ્યુર્ટો રિકો ના ડેરિયન ક્રુઝને 13-5ના સ્કોરથી હરાવી અમને  કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આ જીત સાથે 21 વર્ષીય અમન પીવી સિંધુને પાછળ છોડીને ભારત તરફથી સૌથી યુવા વ્યક્તિગત ઓલિમ્પિક મેડલ વિજેતા બન્યા છે.

સ્પેને ફ્રાન્સને એક રોમાંચક મેચમાં 5-3થી હરાવીને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. ટોકિયો ઓલિમ્પકમાં સ્પેન બ્રાઝિલ સામે હારી ગયું હતું. સર્જિયો કૈમેલોએ વધારાના સમયમાં બે ગોલ કરતાં સ્પેનની જીત સુનિશ્ચિત થઈ હતી. છેલ્લે સ્પેને 1992માં બાર્સેલોનામાં ફુટબોલમાં સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.

દરમિયાન, કાંસ્ય ચંદ્રક મેળવ્યા બાદ ભારતીય પુરુષ હોકી ટીમનાં ખેલાડીઓ આજે સ્વદેશ પરત ફર્યા હતા. નવી દિલ્હી વિમાનમથકે કેપ્ટન હરમનપ્રીત સિંહ, ગોલકીપર પીઆર શ્રીજીશનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

તા. 10-08-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# BRAZIL PLANE CRASH

બ્રાઝિલમાં ગઈ કાલે એક વિમાન તૂટી પડતાં ચાલક દળનાં ચાર સહિત 61 પ્રવાસીનાં મૃત્યુ થયા હતા. પરાનાથી સાઓ પાઉલો જઈ રહેલું વિમાન વિન્હેડો નગરનાં રહેણાંક વિસ્તારમાં તૂટી પડતાં એક મકાનને  નુકસાન થયું હતું. જોકે, ત્યાં રહેતા લોકોને કોઈ ઈજા થઈ ન હતી.  ઘટના સ્થળેથી ફ્લાઇટ રેકોર્ડર મળી આવ્યું છે.